# તાલુકા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કિસાન માધ્યમિક વિદ્યાલય નો ઉત્કૃષ્ટ દેખાવ

તાલુકા કક્ષાનું  ગણિત વિજ્ઞાન પ્રદર્શન તારીખ 13/09/2019 ના રોજ કલરવ વિધ્યાલય, લુણાવાડા મુકામે યોજાઈ ગયુ જેમાં કુલ પાંચ વિભાગોમાંથી કિસાન માધ્યમિક વિદ્યાલયે વિભાગ-૨ અને વિભાગ-5 માં પ્રથમ નંબર અને વિભાગ-4 માં બીજો નંબર મેળવેલ છે. વિભાગ-૨ ની કૃતિ “Natural Mosquito repellent”  જેના માર્ગદર્શક  શ્રી પી એમ પ્રજાપતિ તેમજ કૃતિ બનાવનાર વિદ્યાર્થીઓ  જોષી ભાર્વી હેમંતભાઈ તથા પટેલ દેવાંશી વિનોદભાઈ છે. વિભાગ-5 મા “તરતો પુલ” જેના માર્ગદર્શક શ્રી એચ આર પંચાલ અને કૃતિ બનાવનાર વિદ્યાર્થીઓ પટેલ ભૂમિ રમણભાઈ અને પઠાણ મઝાહીરખાન લિયાકતખાન છે તેમજ વિભાગ-4 ની કૃતિ ”WiTricity” જેના માર્ગદર્શક શિક્ષક શ્રી નિરવભાઈ ત્રિવેદી તેમજ બનાવનાર વિદ્યાર્થીઓ ભોઈ નિસર્ગ સુધીરભાઈ તેમજ જાની ધૈર્ય ભરતભાઈ છે તથા નિબંધ સ્પર્ધામાં પ્રજાપતિ સૃષ્ટિબેન આર પ્રથમ નંબર તથા વકૃત્વ સ્પર્ધામાં પટેલ અર્ચના જે ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે. પ્રથમ નંબરે આવેલી આ બંને કૃતિઓ તથા નિબંધ સ્પર્ધાની વિધ્યાર્થીની જિલ્લાકક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

કિસાન માધ્યમિક વિદ્યાલયના આચાર્ય શ્રી એચ વાય પટેલ, શાળા વિજ્ઞાન મંડળના કન્વીનર શ્રી નિરવભાઈ જી ત્રિવેદી તેમજ ઓ.કે.સી સંકુલના પ્રમુખ શ્રી મૌલિકભાઈ કે.પટેલે આ તમામ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓને અભિનંદન પાઠવ્યા છે.




